GJPT120009592024

सत्यमेव जयते

<table>
<tr><td colspan="4">પ્રાપ્તિ તારીખ</td><td colspan="3">૨૪.૦૬.૨૦૨૪</td></tr>
<tr><td colspan="4">દાખલ તારીખ</td><td colspan="3">૨૪.૦૬.૨૦૨૪</td></tr>
<tr><td colspan="4">નિર્ણિત તારીખ</td><td colspan="3">૧૨.૦૮.૨૦૨૬</td></tr>
<tr><td>અવધિ</td><td></td><td>વર્ષ</td><td></td><td>માસ</td><td></td><td>દિવસ</td></tr>
</table>

સરસ્વતીના મુખ્ય દિવાની ન્યાયાધીશના ન્યાયાલય સમક્ષ

રેગ્યુલર દિવાની મુકદમા નં. ૧૮/૨૦૨૪

આંક :- ૩૯

વાદી :- બ્રાન્ચ મેનજરશ્રી,
બેન્ક ઓફ બરોડા, હેડ ઓફીસ, માંડવી, વડોદરા,
અઘાર શાખા, મું.તા.પાટણ, જિ.પાટણ

વિરૂદ્ધ

પ્રતિવાદીઓ :- (૧) રબારી શંભુભાઈ અરજણભાઈ,
ઉ.વ.આ.૭૮ આશરે, ધંધો-ખેતી,
રહે. ગુલવાસણા, ઠે.રબારીવાસ, તા.સરસ્વતી,
જિ.પાટણ.

(૨) રબારી દશરથભાઈ શંભુભાઈ
ઉ.વ.આ.૪૪ આશરે, ધંધો–ખેતી,
રહે. ગુલવાસણા, હે.રબારીવાસ, તા.સરસ્વતી,
જિ.પાટણ

(૩) રબારી મુકેશભાઈ ગોવાભાઈ
ઉ.વ.આ.૬૧ આશરે, ધંધો–ખેતી,
રહે. કોટાવડ, હે.રબારીવાસ, તા.સરસ્વતી,
જિ.પાટણ

બાબત :– રૂા.૧૪,૦૫,૨૬૮/–અંકે ચૌદ લાખ પાંચ હજાર બસો અડસઠ પૂરાના આંકથી લ્હેણી રકમ વસૂલ મેળવવા દાવો.

વાદી તરફે :– વિ.વકીલશ્રી એન.બી.રાવલ

પ્રતિવાદીઓ તરફે :– એક તરફી

:: ચુકાદો ::

(૧) દાવાની વિષયવસ્તુ :–

વાદીએ હાલનો દાવો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તા.૧૭.૦૩.૨૦૧૫ ના રોજ લીધેલ લોન અન્વયેની વ્યાજ સહિતની રકમ હપ્તાની ભરપાઈ કરવામાં ચૂક કરેલ છે જેમાં પ્રતિવાદી નં.૩ નાઓ પ્રતિવાદી નં.૧ તથા ૨ ના જામીન તરીકે રહેલા. જેથી બાકી નીકળતી લેણી રકમ રૂા.૧૪,૦૫,૨૬૮/– આ કામના પ્રતિવાદીઓ પાસેથી વસૂલ અપવવા હાલો દાવો કરેલ છે.

(૨) વાદીના દાવાની હકીકત :–

વાદીના દાવાની હકીકત એવી છે કે, વાદી બેન્ક ધી બેન્કિંગ કંપનીઝ એન્ડ ટ્રાન્સફર ઓફ અન્ડરટેકિંગ એકટ ૧૯૭૦ અન્વયે સ્થપાયેલી બેન્કિંગ કંપની છે. બેન્ક ઓફ બરોડાની હેડ ઓફીસ માંડવી, વડોદરામાં આવેલી છે. વાદી બેન્કિંગની અલગ અલગ શાખાઓ પૈકી એક શાખા અઘાર, તા.જિ.પાટણમાં આવેલી છે. પ્રતિવાદીઓએ વાદી બેન્ક અઘાર શાખા, અઘારમાંથી પ્રતિવાદીઓ નં.૧ થી ર એ પાક ધિરાણ માટે બેન્ક પાસેથી લોન મેળવવા માંગણી કરેલી. પ્રતિવાદીઓની માંગણી ઉપરથી વાદી બેન્ક દ્ધારા પ્રતિવાદીઓને બી.કે.સી.સી. પાક ધિરાણના હેતુ માટે ધિરાણ રૂા. ૬,૦૦,૦૦૦/– ની ટર્મ લોન તા.૧૭.૦૩.૨૦૧૫ ના રોજ મંજૂર કરવામાં આવેલી. જે એકાઉન્ટ નં.૪૩૮૩૦૫૦૦૦૦૦૧૬૩ થી લોન રૂા.૬,૦૦,૦૦૦/– વ્યાજ દર ૧૧.૫૦% થી પ્રતિવાદીઓને ચૂકવવામાં આવેલી છે. પ્રતિવાદી નં.૩ એ નં.૧ થી ર ના જામીનદાર તરીકે રહેવા ખુશી અને સંમત થયા હોઈ જામીનગીરીનો લેખ બેન્કની તરફેણમાં લખી આપેલો છે. કૃષિા ધિરાણ પ્રતિવાદીએ વાદી બેન્ક પાસેથી સદર ખાતાથી મેળવેલ ધિરાણની રકમ વ્યાજ અને ખર્ચસહ વસૂલ આપવા પ્રતિવાદીઓ વ્યક્તિગત તથા સંયુકત રીતે જવાબદાર છે. જેના અનુસંધાનમાં પ્રતિવાદીઓએ મુખ્ય દેવાદાર તરીકે પ્રતિવાદીઓની બી.કે.સી.સી. લોન મેળવવા અંગેની અરજી. બરોડા કિશાન ક્રેડિટકાર્ડ, લોન મંજૂરી અંગેનો પત્ર, રીન્યુઅલ વાદી બેન્કની તરફેણમાં કાયદેસરના જરૂરી દસ્તાવેજો અને લખાણો કરી આપેલા છે. આવા મુખ્ય દસ્તાવેજો તથા લખાણો નીચે વિગતના છે.(૧) ડીમાનડ પ્રોમીસરી નોટ (ર) હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર લોન (૩) ડીકલેરેશન

કમ અંડરટેકિંગ કમ ઓથેરીટી (૪) જનરલ ફોર્મ ઓફ ગેરેન્ટી (૫) અંડર ટેકિંગ (બીકેસીસી લાઈન ઓફ ક્રેડીટ). આ ઉપરાંત પ્રતિવાદીઓ નં.૧ થી ૨ નાઓએ તેમની ખેતીની જમીન મોજે.ગામ ગુલવાસણા, તા.સરસ્વતી, જિ. પાટણના રેવન્યુ સરવે નં. ૮, ૧૫, ૧૭ ખાતા નં. ૧૯૭, કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૨-૦૦-૧૬ વાળી વાદી બેન્કના તારણમાં આપી સદર ખેતીની જમીન ઉપર વાદી બેન્કની તરફેણમાં બોજો ચાર્જ કરી આપેલ. જે ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) નિયમો ૧૯૮૦ નમૂના-ક, નિયમ-૩, ગુજરાત કૃષિ સુવિધા જોગવાઈ અધિનિયમ-૧૯૭૯ ની કલમ-૫ ની પેટા કલમ(૧) હેઠળ એકરાર સબ-રજીસ્ટ્રાર કચેરી સરસ્વતી, જિ. પાટણના વોલ્યુમ નં.૮ ના પાના નં.૧૫૧ થી xx સુધી, ૨૪૫/બ નંબરે, તા.૨૬.૦૩.૨૦૧૫ ના રોજ નોંધાવી આપેલુ છે. જેની બોજાની નોંધ બેન્ક ઓફ બરોડા, આધારની તરફેણમાં ગામ ગુલવાસણ, તા.સરસ્વતી, જિ.પાટણના ગામના નમૂના નં.૭/૧૨ અને ૬ હક્કપત્રકની નોંધ નં. ૬૩૪ અને ૬૪૧ થી તા.૨૫.૦૩.૨૦૧૫ ના રોજ બોજા દાખલો કરેલો છે આમ સદર મિલકત વાદી બેન્કના બોજામાં છે. વાદી બેન્કને એકરાર કરી તારણમાં આપેલુ છે. આમ ઉપર જણાવેલ બી.કે.સી.સી. પાક ધિરાણના હેતુ માટે ટર્મ લોન અંગેના જરૂરી દસ્તાવેજો તથા લખાણ ઉપરથી વાદી બેન્ક દ્વારા મંજૂર કરી એકાઉન્ટ નં. ૪૩૮૩૦૫૦૦૦૦૦૧૬૩ થી લોન રૂા.૬,૦૦,૦૦૦/- વ્યાજ દર ૧૧.૫૦% થી તા.૧૭.૦૩.૨૦૧૫ ના રોજ પ્રતિવાદીઓને આપવામાં આવેલ. કૃષિ ધિરાણ જે ટૂંકી મુદ્દતનુ છે પ્રતિવાદીને પુન: ધિરાણ તા.૧૭.૦૩.૨૦૧૬, ૨૦.૦૩.૨૦૧૮ ના રોજ કરેલુ છે. જે અંગે પ્રતિવાદીઓએ વાદી બેન્કને લેટર ઓફ એકનોલોજમેન્ટ ઓફ ડેબ્થ

તા.૦૬.૧૨.૨૦૧૭ તથા તા.૨૭.૧૦.૨૦૨૦ તથા તા.૨૦.૦૬.૨૦૨૩ ના રોજ વાદી બેન્ક ઓફ બરોડા અઘાર શાખા, અઘારને કરી આપી છે. આમ દાવો નિયત સમય મર્યાદામાં દાખલ કરેલો છે. પ્રતિવાદીઓને લોનની રકમ રૂા. ૬,૦૦,૦૦૦/- ની ટર્મ લોન તથા વ્યાજની રકમ ભરપાઈ કરવા માટે વાદી બેન્ક દ્વારા પ્રતિવાદીઓને હપ્તાની સગવડ આપવામાં આવે છે. સદર લોનની વ્યાજ તથા ખર્ચ સહની રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદીઓને નં.૧ અને ૨ મુખ્ય દેવાદાર તરીકે તથા પ્રતિવાદીનં.૩ એ નંબર ૧ અને ૨ નાઓના જામીનદાર તરીકે રહેવા ખુશી અને સંમત થયા છે તેઓજામીનગીરીનો લેખ બેન્કની તરફેણમાં લખી આપેલો છે. સદર ધિરાણ પ્રતિવાદીએ વાદી બેન્ક પાસેથી સદર ખાતાની મેળવેલ ધિરાણની રકમ વ્યાજ અને ખર્ચસહ વસૂલ આપવા પ્રતિવાદી વ્યક્તિગત તથા સંયુકત રીતે જવાબદાર છે. વાદી બેન્ક વધુમાં જણાવે છે કે, ઉપરોકત લોન બેન્કની રકમ વ્યાજ સાથે વાદી બેન્ક જયા અને જયારે માંગીએ ત્યારે પ્રતિવાદીઓએ ભરપાઈ કરવાની સ્પષ્ટ શરત છે. પ્રતિવાદીઓના તા.૨૫.૦૪.૨૦૨૪ ના રોજના રૂા.૧૪,૦૫,૨૬૮/- અંકે ચૌદ લાખ પાંચ હજાર બસો અડસઠ પૂરા બાકી લેણાં છે. ઉપર મુજબ પ્રતિવાદીઓએ પાસે મજુર રકમ રૂપિયાની લોન અન્વયેની તથા વ્યાજની રકમ વાર્ષિક રૂપિયા+વ્યાજના હપ્તાથી ભરપાઈ કરવાની સગવડતા પ્રતિવાદીઓને આપવામાં આવેલી છે. તેમજ વાદી વધુમાં જણાવે છે કે, મજુર લોનની વ્યાજ અને હપ્તા પૈકીનો એક પણ મુદ્દલ અને વ્યાજનો હપ્તો ભરપાઈ કરવામાં પ્રતિવાદીઓ કસૂર કરે, તો મજૂર લોનની તમામ રકમ કે બાકી નીકળતી તમામ રકમ તેના વ્યાજ સાથે કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એકી સાથે પાછો માંગવાનો વાદી બેન્કને હક્ક છે. આમ ઉપરોકત લોન તથા

વ્યાજ અને ખર્ચની રકમ ભરપાઈ કરવા માટે પ્રતિવાદીઓ વ્યક્તિગત રીતે તથા સંયુકત રીતે તેમજ કાનૂની રાહે જવાબદાર છે. વધુમાં વાદી જણાવે છે કે, મજૂર લોન અન્વયેની રકમ તથા વ્યાજની રકમ, હપ્તાની ભરપાઈ કરવાની પ્રતિવાદીઓને સવલત આપવામાં આવી હોવા છતાં પ્રતિવાદીઓએ લોન અને વ્યાજના નક્કી કરેલા હપ્તા ભરપાઈ કરવામાં ચૂકયાં છે અને કસૂર કરેલ છે પ્રતિવાદીઓને અવાર નવાર બેન્ક દ્વારા લેખિત અને મૌખિક સૂચના આપવામાં અવોલી છે તથા પ્રી લીટીગેશન લોક અદાલત તા.૭.૧૨.૨૦૧૭ ના રોજ કરવા છતાં લેણી રકમ નહી ચૂકવતા તથા તા.૩૦.૦૪.૨૦૨૪ ના રોજ બેન્ક મારફતે લેખિત સુચના આપવા છતાં પ્રતિવાદીઓએ આવી સૂચનાની અવગણાતા કરી છે અને મજૂર લોનની રકમ ભરવામાં ચૂક કરી છે અને ખાતુ તા.૨૯.૦૬.૨૦૧૯ ના રોજ એન.પી.એ. થયેલુ છે. જે મુજબ વાદી લેણાની તપસીલ નીચે મુજબ છે. રૂા.૧૪,૦૫,૨૬૮/- પૂરા બાકી લ્હેણી રકમ પ્રતિવાદીના તા.૨૫.૦૪.૨૦૨૪ ના સ્ટેટમેન્ટ મુજબ. આમ ઉપર મુજબ લેણાંની તપસીલમાં બતાવ્યા મુજબની લોન અન્વયેની વ્યાજ સહિતની રકમ બાકી નીકળે છે. પ્રતિવાદીઓએ મજૂર લોન અન્વયેની વ્યાજ સહિતની રકમ હપ્તાથી ભરપાઈ કરવામાં ચૂક કરેલ છે. જેથી બાકી નીકળતી તમામ લેણી રકમ એકીસાથે પરત મેળવાવનો વાદી બેન્કનો હાલનો આ દાવો છે.

વધુમાં જણાવેલ છે કે, સદર દાવાનું કારણ- તા.૧૭.૦૩.૨૦૧૫ ના રોજ લોન રૂા.૬,૦૦,૦૦૦/- મંજૂર કરવામાં આવતા તથા લોન અને વ્યાજના હપ્તાની તારીખોથી તથા પ્રતિવાદીઓએ હપ્તા ભરવામાં ચૂક કરી ત્યારથી તથા પ્રતિવાદીઓએ બેન્કની તરફેણમાં તા.૧૭.૦૩.૨૦૧૫ ના રોજ

ડીમાન્ડ પ્રોમીસરી નોટ, હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર લોન તા.૧૭.૦૩.૨૦૧૫ ના રોજ લખી આપી ત્યારથી તથા ડીકલેરેશન કમ અંડર ટેકિંગ કમ ઓથેરીટી આપી ત્યારથી તથા જનરલ ફોર્મે ઓફ ગેરેન્ટી તથા પ્રતિવાદીઓએ વાદી બેન્કના તારણમાં આપી સદર ખેતીની જમીન ઉપર વાદી બેન્કની તરફેણમાં બોજો ચાર્જ કરી આપેલ છે. એકરારનામાનો લેખ સબ રજીસ્ટ્રારની કચેરીમાં તા.૨૬.૦૩.૨૦૧૫ ના રોજ નોંધાવી આપેલો ત્યારથી તથા એકનોલોજમેન્ટ લેટર ઓફ ડેબ્થ તા.૦૬.૧૨.૨૦૧૭ તથા તા.૨૭.૧૦.૨૦૨૦ તથા તા.૩૦.૦૬.૨૦૨૩ ના રોજ લખી આપ્યા તારીખથી તથા પ્રતિવાદીએને પુન:ધિરાણ તા.૧૭.૦૩.૨૦૧૬ અને તા.૨૦.૦૩.૨૦૨૮ ના રોજ આપવામાં આવેલુ છે ત્યારથી તથા પ્રતિવાદીઓએને અવારનવાર બેન્ક દ્ધારા લેખિત તથા મૌખિક સૂચના આપવામાં આવેલી છે અને પ્રતિવાદીને પ્રીલીટીગેશન લોક અદાલત તારીખ ૦૭.૧૨.૨૦૧૭ ના રોજ જાણ કરવા છતાં લેણી રકમ નહી ચૂકવતા તથા તા.૩૧.૦૧.૨૦૨૪ ના રોજ બેન્ક મારફતે લેખિત સૂચના આપવા છતાં પ્રતિવાદીઓએ આવી સૂચનાની અવગણના કરી છે. ત્યારથી તા.૧૭.૦૧.૨૦૨૦ અને તા.૦૩.૦૫.૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ આપવા છતાં લેણી રકમ નહી ચૂકવતા હોવાથી વાદીને આ દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે

હાલનો આ દાવો લાવી અરજીના પેરા–૧૫ થી વાદીએ નીચે મુજબ દાદ માંગેલ છે. :– દાવા અરજીના પેરા–૮ માં જણાવ્યા મુજબ મજુર લોનના વ્યાજ ખર્ચ સહિત બાકી લેણા ના રોજ રૂા.૧૪,૦૫,૨૬૮/–અંકે ચૌદ લાખ પાંચ હજાર બસો અડસઠ પૂરા ચડત વ્યાજ દર ૧૧.૫૦% તથા ખર્ચ સહિત

મુખ્ય દિવાની ન્યાયાધીશ,
સરસ્વતી [GJ01715]

પ્રતિવાદીઓને જાત તથા પ્રતિવાદીઓએ નં.૧ થી ૨ નાઓએ ખેતીની જમીન મોજે.ગામ ગુલવાસણા, તા.પાટણ જિ.પાટણના રેવન્યુ સર્વે નં.૮,૧૫,૧૭, ખાતા નં.૧૯૭ કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦૨–૦૦–૧૬ વાળી વાદી બેન્કના તારણમાં સહિતની સ્થાવર મિલકત–વ–હરેક સ્થાવર તેમજ જંગમ મિલકતોથી વસૂલ આપવાનુ હુકમનામુ વાદી સંસ્થાની તરફેણમાં કરી અપાવવા જણાવે છે.

(૩) પ્રતિવાદીના વાંધા–જવાબ :–

સદરહું દાવાના કામે પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/નોટીસની બજવણી આંક–૮,૯,૧૦ થી કરવામાં આવેલ છે. જે પ્રતિવાદીઓને બજી જવા છતાં તેઓ હાજર થયેલ નથી. જેથી આંક–૦૧ હેઠળ પ્રતિવાદીઓ વિરૂદ્ધ હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મુદ્દાઓ તથા નિર્ણયો

સદર દાવાના ન્યાયિક નિર્ણય માટે આંક–૧૪ થી મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

1. Whether the Plaintiff Bank proves that the plaintiff bank is entitled to recover Rs.14,05,268/- due as unpaid loan with interest from person and properties of the Defendants?
2. Whether the Plaintiff is entitled to get interest? If yes, at what rate?

મુખ્ય દિવાની ન્યાયાધીશ,
સરસ્વતી [GJ01715]

3. What is due to the plaintiff and from whom?
4. What order and decree?

ઉપરોકત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ હકારમાં

મુદ્દા નં. ૨ હકારમાં (વાર્ષિક ૬ (છ) % વ્યાજ)

મુદ્દા નં. ૩ આખરી હુકમ મુજબ

મુદ્દા નં. ૪ આખરી હુકમ મુજબ

(૫) પુરાવો :–

વાદી તરફે પુરાવો : ત્યારબાદ સદર કામે વાદી તરફે તેના દાવાના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવો

ક્રમ	**આંક**	**સાહેદનું નામ**
૦૧	૨૦	વાદી તરફે અભિષેક શર્મા સ.ઓ. ગણેશલાલ શર્માનુ પુરવાનુ સોગંદનામુ

દસ્તાવેજી પુરાવો

ક્રમ	**આંક**	**દસ્તાવેજની વિગત**
૦૧	૨૨	બેન્કનું નિયત નમુના મુજબનુ અરજી પત્રક
૦૨	૨૩	લોન મંજૂરી અંગેનો પત્ર
૦૩	૨૪	ડીમાન્ડ પ્રોમેસરી નોટ
૦૪	૨૫	હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ફોર એગ્રીકલ્ચર લોન
૦૫	૨૬	ડીકલેરેશન કમ અંડરટેકિંગ કમ ઓથોરીટી

૦૬	૨૭	જનરલ ફોર્મ ઓફ ગેરેન્ટી
૦૭	૨૮	અંડરટેકિંગ (બીકેસીસી લાઈન ઓફ ક્રેડીટ)
૦૮	૨૯	પ્રતિવાદીએ વાદી બેન્કને ગુજરાત કૃષિ ધીરાણ(સુવિધા જોગવાઈ નિયમો) અધિનિયમો ૧૯૮૦ ન કલમ ૫ ની પેટા કલમ(૧) હેઠળ એકરાર નામાનો લેખ સબ રજીસ્ટ્રાર કચેરી, અઘારના વોલ્યુમ .૮ ના પાના નં.૧૫૧ થી ૨૪૫/બ નંબર ૦૭.૦૩.૨૦૧૫ ના રોજ નોંધાયેલ છે તેની ઝેરોક્ષ
૦૯	૩૦	બોજા નોંધ નં.૬૩૨ થી તા.૦૭.૦૩.૨૦૧૫ ના રોજ મામલતદાર કચેરીના મોજે ગામ અઘાર, તા.સરસ્વતી, જિ.પાટણના ગામના નમૂના નંબર ૭/૧૨ અને નમૂના નં.૬ હક્કપત્રકમાં બોજો વાદી બેન્કની તરફેણમાં નોંધાયેલા છે તથા પ્રતિવાદીઓની ખેતીની જમીનનો મોજે. ગામ અઘાર, તા.સરસ્વતી, જિ.પાટણના ગામનનો ખાતાનો ઉતારો ગામ નમૂનો નં.૮–અ, ૭/૧૨ અને નમૂનો હક્કપત્રકની નકલ
૧૦	૩૧	લેટર ઓફ એકનોલોજમેન્ટ ઓફ ડેબ્થ
૧૧	૩૨	પ્રતિવાદીને વાદી મારફતે રજી.પો.એડી.થી આપેલ પાક ધિરાણ અંગે એડવોકેટ શ્રી નરેશ રાવલની નોટીસની સ્થળપ્રત
૧૨	૩૩	પ્રતિવાદીના પાક ધિરાણ લોન ખાતા નં.૪૩૮૩૦૫૦૦૦ ૦૦૧૬૩ નુ ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝડ સ્ટેટમેન્ટ
૧૩	૩૪	વાદીનો ઈન્ટરઝોન ટ્રાન્સફર ઓર્ડરની નકલ
૧૪	૩૫	વાદીના આઈકાર્ડની નકલ
૧૫	૩૬	વાદીના આધારકાર્ડની નકલ

ત્યારબાદ વાદી સંસ્થા તરફે આંક–૩૭ ની પુરશીષ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે.

મુખ્ય દિવાની ન્યાયાધીશ,
સરસ્વતી [GJ01715]

(૬) દલીલો :-

ત્યારબાદ વાદી તરફે તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવી.

(૭) નિર્ણય માટેના કારણો

સદર દાવાના કામે ઉપસ્થિત થયેલ મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(૭.૧) સાબિતીનો બોજો :-

વાદીના વિ.વકીલશ્રીએ તેઓન દલીલમાં આ કામની દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવા તરફ મારૂ ઘ્યાન દોરેલ છે અને દલીલ કરેલ છે કે, જ્યારે વાદી પુરાવા રજુ કરી પોતાનો કેસ પુરવાર કરેલ હોય અને પ્રતિવાદીએ તે પુરાવાનું ખંડન કરેલ ન હોય કે તેના વિરૂદ્ધ કોઈ પુરાવો આપેલ ન હોય ત્યારે વાદીનો કેસ માનવા લાયક જણાય છે. સિવિલ કેસમાં જે પક્ષકાર ઉપર સાબિતીનો બોજો હોય તે પક્ષકારે પોતાના પરના સાબિતીનો બોજો તે હકીકત વ્યાજબી શંકાથી પર સાબિત કરી પુરવાર કરવો આવશ્યક નથી અને ફકતને ફકત પરપોંડોન્સ ઓફ પ્રોબેબલીટીસથી તે હકીકત સાબિત કરે તો તે સાબિતીનો બોજો તે પક્ષકારે ડીસ્ચાર્જ કરેલો ગણાય અને તે હકીકત સાબિત કરેલી ગણાય. સિવિલ કેસમાં બંન્ને પક્ષકારોએ રજુ કરેલ કોઇપણ હકીકત બાબતેનો પુરાવો કમ્પેર કરવાનો હોય છે અને જે પક્ષકારનો પુરાવો સામા પક્ષકારના પુરાવા કરતા વધુ મજબુત હોય તે પક્ષકાર તે હકીકત સાબિત કરી હોવાનું ઠરાવવાનું રહે છે.

મુખ્ય દિવાની ન્યાયાધીશ,
સરસ્વતી [GJ01715]

(૭.૨) મુદ્દા નં. ૧ થી ૩ :

ઉપરોકત મુદ્દાઓ એકબીજા પાસે પરસ્પર સંકળાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવા માટે ઉપરોકત ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે. આ કામે વાદી તરફથી આંક–૨૦ થી વાદી અભિષેક ગણેશલાલ શર્માનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે. મજકુર સાહેદે પોતાના દાવાને સમર્થન આપતી હકીકતો સદરહું સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. જયારે આ કામે ઉપર જણાવ્યા મુજબ પ્રતિવાદીઓ જાતે કે તેમના વકીલશ્રી મારફતે આ કામે બચાવ કરવા ઉપસ્થિત રહેલા નથી. હાલના કામે પ્રતિવાદઓએ હાજર થઈ કોઇ તકરાર ઉઠાવેલ નથી કે દસ્તાવેજો અંગે લેખિત કે મૌખિક વાંધા તકરાર લીધેલ નથી. આવા સંજોગોમાં વાદી દ્ધારા આંક–૨૨ થી ૩૩ થી રજુ થયેલ દસ્તાવેજો પુરવાર થયેલ છે તેવું માનવાને કારણ છે. જે દસ્તાવેજો ઘ્યાને લેતાં, આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ ના એ વાદી સંસ્થા પાસેથી લોન લેવા માટે અરજી કરેલી જે અનુસંધાને વાદી સંસ્થાએ પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ પાક ધિરાણ લોન રૂા. ૬,૦૦,૦૦૦/– ની મંજૂર કરેલી અને પ્રતિવાદી નં ૩ નાઓએ જામીન તરીકે રહેલ અને આંક–૨૫ મુજબની હાઈપોથીકેશન કમ લોન એગ્રીમેન્ટ કરેલ હોવાનું જણાય આવે છે. વધુમાં આ કામના વાદીએ પ્રતિવાદીના લોન ખાતાનુ એકાઉન્ટ નં.૪૩૮૩૦૫૦૦૦ ૦૦૧૬૩ નુ સ્ટેટમેન્ટ આંક–૩૩ થી રજુ કરેલ છે. જે સ્ટેટમેન્ટના છેલ્લાં પાના ઉપર પ્રતિવાદી પાસેથી રૂા.૧૪,૦૫,૨૬૮/– બાકી નીકળતા હોવાનું લખેલ છે. તેથી વાદી સંસ્થાને પ્રતિવાદીઓ પાસેથી દાવા મુજબની લેણી રકમ નીકળતી હોવાનું પુરાવાના આધારે સ્પષ્ટ જણાય આવે છે. વધુમાં આ કામે પ્રતિવાદીએ કહેવાતી લોન માટે આંક–૩૦ થી ઋણ

પાવતી પત્ર (Acknowledgment Letter)તા.૦૬.૧૨.૨૦૧૭, તા. ૨૭.૧૦.૨૦૨૦ તથા તા.૩૦.૦૬.૨૦૨૩ લખીને આપેલ હોય અને છેલ્લો પત્ર તા.૩૦.૦૬.૨૦૨૩ ના રોજ આપેલો હોય તેમજ વાદીએ હાલનો દાવો તા.૨૪.૦૬.૨૦૨૪ ના કરેલો તેથી વાદીનો દાવો સમય મર્યાદામાં કરેલ હોવાનું અત્રેની અદાલતનું માનવું છે.

વધુમાં વાદી તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજો બેન્કની કસ્ટડીમાંથી રજુ થયેલ છે અને તે દસ્તાવેજો વાદી બેન્કના કર્મચારીએ તેની ફરજના ભાગરૂપે તૈયાર કરેલા દસ્તાવેજો છે જેથી સદર દસ્તાવેજોને નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ કામના પ્રતિવાદીઓને સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં તેઓએ હાજર રહીને વાદીના દાવાને કોઈપણ રીતે પડકારેલ નથી કે દાવા મુજબની લેણી રકમ ભરપાઈ કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો કે બચાવ રજુ કરેલ નથી તેથી પણ વાદીના દાવાની હકીકતો તથા પુરાવા નહી માનવાને કોઈ કારણ નથી અને વાદી બેન્કને પ્રતિવાદીઓ વિરૂદ્ધ ખોટો દાવો કરવાનો કોઈ કારણ જણાય આવતુ નથી.

પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ લીધેલ લોનની ભરપાઈ કરવાની જવાબદારી પ્રતિવાદી નં.૩ નાઓએ લીધેલ હતી તેમજ તેમણે ઋણ બાકી હોવાની પાવતીમાં પણ પ્રતિવાદી નં.૧ અને ૨ ના લેણી રકમ માટે જવાબદારી લઈ અને સહી કરેલ હોવાનુ જણાય આવે છે તેથી પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ લીધેલ લોનની લેણી રકમ ભરપાઈ કરી આપવાની જવાબદારી તમામ પ્રતિવાદીઓની થાય છે તેવું અત્રેની અદાલતનું માનવુ છે. તેથી વાદી તેમની દાવા મુજબની હકીકતો પુરવાર કરવામાં સફળ થયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

મુખ્ય દિવાની ન્યાયાધીશ,
સરસ્વતી [GJ01715]

વધુમાં આ કામે વાદી દ્વારા લેણી રકમ ઉપર ૧૧.૫૦% નુ વ્યાજ પણ માંગેલ છે, વાદી દ્વારા માંગવામાં આવેલ વ્યાજ વધુ પડતું જણાઈ આવતું હોય ત્યારે પ્રવર્તમાન વ્યાજના દર ધ્યાને લેતા ૬ % વ્યાજ આપવું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે તેથી વાદી વાર્ષિક ૬ (છ) % વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું અત્રેની અદાલતનું માનવું છે તેથી મુદ્દા નં. ૨ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે અને ઉપરોકત ચર્ચા અન્વયે મુદ્દા નં.૩ તથા ૪ હેઠળ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના તમામ પ્રતિવાદીઓએ વાદી બેન્કની લેણી રકમ રૂ.૧૪,૦૫,૨૬૮/-(અંકે રૂપિયા ચૌદ લાખ પાંચ હજાર બસો અડસઠ પૂરા) દાવો દાખલ કર્યાની તારીખથી વસૂલ લેતા સુધી વાર્ષિક ૬(છ) % વ્યાજ સહિત વાદી બેન્કને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને વાદી તે મુજબની લેણી રકમ પ્રતિવાદીઓની જાત-વ-હરેક સ્થાવર તેમજ જંગમ મિલકતો માંથી વસુલ મેળવવા હક્કદાર રહેશે.

(૩) વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદએ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૨.૦૮.૨૦૨૬

મુકામ : સરસ્વતી **(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**

મુખ્ય દિવાની ન્યાયાધીશ,
સરસ્વતી [GJ01715]